## નવસારીમાં બેરોજગારી અને બીમારીના કારણે બેનાં આપઘાત

નવસારીઃ નવસારીના કબીલપોર અને વિજલપોરમાં એક જ દિવસમાં બે શખ્સે આપઘાત કરી લીધો હતો.

કબીલપોર વિસ્તારમાં રહેતા પંકજ વિરેન્દ્ર ઓઝા (ઉં.વ.37), મૂળ મધ્યપ્રદેશના ગ્વાલિયરના વતની, છેલ્લા કેટલાક મહિનાથી બેરોજગારીનો સામનો કરી રહ્યા હતા. આવકનો કોઈ સ્ત્રોત ન હોવાને કારણે પરિવાર પર આર્થિક દબાણ વધતું ગયું હતું, આ પરિસ્થિતિથી કંટાળી ઘરમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જેના લઈ પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી બીજી તરફ, વિજલપોરના આદર્શનગર વિસ્તારમાં 51 વર્ષીય જીતેન્દ્રભાઈ કાશીનાથ ચૌધરી લાંબા સમયથી ગંભીર બીમારીથી પીડાતા હતા. શારીરિક પીડા સાથે એકલતાની લાગણીએ તેમને માનસિક રીતે તોડી નાંખ્યા હતા. અંતે તેમણે પોતાના ઘરમાં જ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બંને બનાવોમાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચૂંટણી આવી, પ્રજા માટે તકલીફો લાવી!

**ચીખલીમાં** ચૂંટણી કામગીરીના ઓર્ડર, પરીક્ષાના સમયે જ શાળાઓમાં શિક્ષકોની ખેંચ, ચાલુ પરીક્ષાએ ચૂંટણીલક્ષી તાલીમમાં શિક્ષકો જોતરાયા

ઘેજઃ ચીખલી તાલુકાની ૧૭૭ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ખાનગી શાળાઓમાં ૬ એપ્રિલ-૨૬ ના રોજથી વાર્ષિક પરીક્ષા શરૂ થઈ છે અને આ ચૂંટણી કામગીરીના પગલે ચાલુ વાર્ષિક પરીક્ષા દરમિયાન પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોએ ચાલુ પરીક્ષા છોડીને ચૂંટણીલક્ષી તાલીમ લેવા આવવા માટેની ફરજ પડાતા પરીક્ષા આપતા બાળકોને પરીક્ષા દરમિયાન અગવડતાનો સામનો કરવાની નોબત આવી હતી. જે વર્ગ શાળાઓમાં ૧ થી ૫ ધોરણમાં ૨ જ શિક્ષક હોય તેવી શાળાઓમાંથી એક શિક્ષક તાલીમમાં જતાં એકમાત્ર શિક્ષકના સહારે ધોરણ ૩થી ૫ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની નોબત આવી હતી.

ચીખલી તાલુકાના રાનકુવા પટેલ ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ૨ શિક્ષક પૈકી બન્ને શિક્ષકોનો ગુરૂવારના રોજ ચૂંટણીની તાલીમ માટે ઓર્ડર કરવામાં આવતા ધોરણ ૩થી ૫ની શાળામાં ચાલતી વાર્ષિક પરીક્ષામાં વિદ્યાર્થીઓને હાલાકી ન પડે તે માટે તાત્કાલિક ધોરણે રાનકુવા મુખ્ય પ્રાથમિક શાળામાંથી જે શિક્ષકોનો ચૂંટણીની તાલીમનો ઓર્ડર ન હતો. તેને તત્કાલિક અસરથી આ શાળામાં પરીક્ષા લેવા માટે મોકલવામાં આવ્યા હતા.

આ પ્રકારની પરિસ્થિતિ શાળામાં પણ થઈ હશે કે કેમ? તે પણ તપાસના વિષય બનવા પામ્યો છે. ત્યારે આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ ન થાય તેનું તંત્ર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ધ્યાન રાખવું જરૂરી છે.


ધર્મેશ પટેલ

### ૧૨૯૬ અધિકારી, કર્મચારીઓ તાલીમમાં

ચીખલી તાલુકામાં સમાવિષ્ટ ૨૮ તાલુકા પંચાયત અને ૮ જિલ્લા પંચાયતની બેઠકો માટે ૧,૯૨,૨૭૯ જેટલા મતદારો શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કરી શકે તે માટે ૧૨૯૬ સરકારી કર્મચારીઓ માટે ગુરુવારના રોજ મામલતદાર હિરેનભાઈ મેસુરીયા, નાયબ મામલતદાર સંજયભાઈ સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં ચીખલી કચ્છ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે તાલીમ યોજાઈ હતી. જેમાં ઝોનલ પ્રિસાઈડિંગ ૨૫૧, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ૨૫૭, પોલિંગ અને મહિલા પોલિંગ ૫૬૨, પટાવાળા ૨૨૬ સહિતનાઓને ટ્રેનર દ્વારા ઈવીએમ સહિતની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ઈવીએમ ની ઉદ્ભવતા પ્રશ્નોનું નિરાકરણ પણ કરાયું હતું.

### ચૂંટણીની તૈયારી વચ્ચે સરકારી કામકાજ ઠપ્પ


કેરસી બારીયા

બીલીમોરાઃ ગણદેવી તાલુકા પંચાયત અને તાલુકામાં સમાવિષ્ટ જિલ્લા પંચાયત બેઠકો તેમજ ગણદેવી નગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા વેગવંતી બની છે. જે માટે ઝોનલ, પ્રિસાઈડિંગ, સહાયક પ્રિસાઈડિંગ, મહિલા પોલિંગ, અધર પોલિંગ સ્ટાફ અને પટાવાળા સહિતના કર્મચારીઓ ફાળવણી કરાઇ હતી. જેમની ચૂંટણીલક્ષી ટ્રેનિંગ પણ ચાલી રહી છે. જેને પગલે મામલતદાર, તાલુકા પંચાયત, અને નગર પાલિકા કચેરીઓ સુમસામ બની છે. આમ લોકશાહી પર્વની રોજિંદી કામગીરી ઉપર અસર વર્તાઈ રહી છે. બીજી તરફ ચૂંટણીને પગલે મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, નગરપાલિકા કચેરીઓ કર્મચારીઓના અભાવે સુમસામ ભાસી રહી છે. જેને કારણે નાગરિકોની રોજિંદી કામગીરીઓ ખોરંભે ચઢી છે. બીજી તરફ રાજકીય પાર્ટીઓએ હજુ સુધી ઉમેદવારોની યાદી જાહેર નહીં કરતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. ચૂંટણીની કામગીરીમાં બીલીમોરા નગરપાલિકાના કર્મચારીઓ રોકાતા પાલિકાની કચેરી સુમસામ બનતા અરજદારોની હાલાકી વધી છે.

# ચીખલીની માર્ગ-મકાન વિભાગના ક્વાટર્સમાં 10 દિવસથી અંધારપટ

**બિલ** નહીં ભરાતાં વીજ જોડાણ કપાયું, 8 પરિવાર હાલાકીમાં


ધર્મેશ પટેલ

ઘેજઃ ચીખલીમાં માર્ગ મકાન હસ્તકના સરકારી વસાહતમાં બિલ ન ભરવાના વાંકે વીજ જોડાણ કપાતા સમગ્ર કેમ્પસમાં છેલ્લા ૧૦ દિવસથી અંધાર પટ છવાતા કર્મચારીઓમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ ચીખલીમાં બગલાદેવ મંદિર આગળ ખેરગામ રોડ પર માર્ગ મકાનના ૨૧ જેટલા ક્વાટર્સ છે અને હાલે આઠેક જેટલા કર્મચારીઓના પરિવારો આ ક્વાર્ટસમાં વસવાટ કરે છે. ત્યારે આ ક્વાટર્સના કેમ્પસમાં સ્ટ્રીટ લાઇટ, મુખ્ય ગેઇટની લાઈટ, પેસેજ સહિતની લાઇટોના વીજ મીટરનું બિલ ન ભરવામાં આવતા આ વીજ જોડાણ ૩૧ માર્ચથી કપાઈ ગયું હતું. સરકારી ક્વાટર્સના કેમ્પસમાં આ વીજ જોડાણનું મીટર સ્માર્ટ મીટર હોવાથી સમય મર્યાદામાં વીજ બિલના નાણાંથી ભરપાઈ ન થતાં ઓટોમેટિક વીજ જોડાણ કપાઈ જતાં સમગ્ર કેમ્પસમાં છેલ્લા ૧૦ દિવસથી અંધારપટ છવાઈ જવા પામ્યો છે .ત્યારે ખાસ કરીને બાળકો અંધારામાં રમવાની નોબત આવતા અને કેમ્પસમાં અંધારપટથી કર્મચારી અને તેમના પરિવારજનોને અનેક મુશ્કેલી વેઠવાની નોબત આવી છે.

### આશ્ચર્યમ! કાર્યક્રમોમાં લાખો ખર્ચતું વિભાગ બિલનાં રૂ.3,300 ન ભરી શક્યું?

માર્ગ મકાન દ્વારા સરકારી કાર્યક્રમોમાં લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોય છે. ત્યારે આવા વીજ બિલની ભરપાઈ કરવા માટે નાણાં નથી કે કેમ? અને દસ-દસ દિવસ વીતવા છતા કેમ નાણાંની ભરપાઈ ન કરવામાં આવી ? તેવા અનેક સવાલો ઊભા થવા પામ્યા છે. વધુમાં આ બિલની રકમ માંડ 3300 રૂપિયાની આજુબાજુ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે માર્ગ મકાન વિભાગના ચીખલી સબ ડિવિઝનનો કારભાર લકવાગ્રસ્ત થઈ ગયો હોય તેમ લાગી રહ્યું છે.

#### ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી મંડળી કથિત ભ્રષ્ટાચાર પ્રકરણ

# ગાંધીનગર તકેદારી આયોગનો હસ્તક્ષેપ, વધુ પુરાવા માંગ્યા

**અરજદાર** પાસે મજબૂત આધાર-પુરાવાઓની માંગણી કરી, પદાધિકારીઓમાં ફફડાટ

સાપુતારાઃ ડાંગ જિલ્લાની પ્રતિષ્ઠિત 'ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી'માં ચાલી રહેલા કથિત આર્થિક ભ્રષ્ટાચાર અને વહીવટી અનિયમિતતાનો મુદ્દો હવે રાજ્ય કક્ષાએ વધુ ગરમાયો છે. ગુજરાત તકેદારી આયોગ દ્વારા આ પ્રકરણમાં સીધો હસ્તક્ષેપ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગર સ્થિત ગુજરાત તકેદારી આયોગે આ બાબતે ગંભીર નોંધ લીધી છે. આયોગ દ્વારા અરજદાર બનસભાઈ જીવુભાઈ ચોર્યા (રહે., ટોકરદહાડ-ગૌર્યા) ને પત્ર પાઠવીને તેમની રજૂઆતના સમર્થનમાં વધારાના પુરાવા રજૂ કરવા સૂચના આપી છે. આયોગે સ્પષ્ટ કર્યું છે કે જો આ બાબતે કોઈ વિશેષ રજૂઆત કે આધાર-પુરાવા હોય તો તે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવા, જેથી તપાસની કાર્યવાહીને આગળ ધપાવી શકાય. તકેદારી આયોગના આ પગલાથી મંડળીના જવાબદાર પદાધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઉલ્લેખનીય છે કે, મંડળીના પ્રમુખ સોન્યાભાઈ જી. ભોયે, મંત્રી હિતેન્દ્રભાઈ પટેલ અને હિસાબનીશ વિજયભાઈ સી. પવાર તપાસના ઘેરામાં છે. આ હોદ્દેદારો પર આક્ષેપ છે કે તેઓએ પરસ્પર મિલીભગત કરી મંડળીના ભંડોળનો વ્યક્તિગત સ્વાર્થ માટે દુરુપયોગ કર્યો છે. સૌથી ગંભીર આક્ષેપ એ છે કે, ફાર્મસીમાં શુદ્ધ દવાઓ બનાવવાને બદલે બહારથી હલકી ગુણવત્તાની દવાઓ મંગાવી, તેના પર ફાર્મસીના લેબલ લગાવી ઊંચા ભાવે વેચવાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ મામલે અગાઉ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) કરવાની ચીમકી અપાઈ હતી. જોકે, ગાંધીનગરથી તપાસના આદેશો છતાં સ્થાનિક સ્તરે જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા હજુ સુધી નિષ્પક્ષ તપાસ હાથ ધરાઈ નથી. વહીવટદારોની મનમાનીને કારણે લાયક કર્મચારીઓને છૂટા કરાતા આ મામલો લેબર કોર્ટમાં પણ પહોંચ્યો છે. આ ભ્રષ્ટાચાર બહાર આવ્યા બાદ બજારમાં ફાર્મસીની વિશ્વસનીયતા ઘટી છે અને વેચાણમાં 30% થી 50% જેટલો મોટો ઘટાડો નોંધાયો છે. હવે જ્યારે ગુજરાત તકેદારી આયોગે આ કેસમાં સીધી દખલ કરી છે, ત્યારે જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી થાય છે કે કેમ તે તો આવનાર સમયમાં જોવું જ રહ્યું.


ગીરીશ ભોયે

# ડાંગનાં ગલકુંડ ગામે પાંચ વર્ષે ખીલ્યું સૂરણનું દુર્લભ ફૂલ

**ફૂલ** જોવા આસપાસના ગામના લોકોની ભીડ ઊમટી

સાપુતારાઃ આહવાના ગલકુંડ ગામમાં એક અત્યંત દુર્લભ ઘટના સામે આવી છે. ગામના પ્રગતિશીલ ખેડૂત અનિલભાઈ રાવજીભાઈ ગરાસિયાના ખેતરમાં પાંચ વર્ષ પછી 'સુરણ'નું દુર્લભ ફૂલ ખીલ્યું છે. એકવાર ખીલતું ફૂલ સામાન્ય રીતે સુરણનો ઉપયોગ શાકભાજી તરીકે થાય છે, પરંતુ તેનું ફૂલ જોવું બહુ દુર્લભ માનવામાં આવે છે. અનિલભાઈના જણાવ્યા મુજબ, આ ફૂલ લગભગ પાંચ વર્ષે માત્ર એક જ વાર ખીલે છે. ફૂલ ખીલ્યા બાદ તે ટૂંકા સમયમાં કરમાઈ જાય છે અને ફરી પાંચ વર્ષ પછી જ તેના દર્શન થાય છે.

આ પહેલા પણ પાંચ વર્ષ પહેલા આવું ફૂલ જોવા મળ્યું હતુ. સુરણનું ફૂલ ખીલ્યાના સમાચાર ગામથી લઈ આસપાસના વિસ્તારોમાં ઝડપથી ફેલાતા ગલકુંડ ગામમાં લોકોનો ભારે ઉમટો જોવા મળી રહ્યો છે. ફૂલનો વિશિષ્ટ આકાર અને દુર્લભતા લોકોને આકર્ષી રહી છે.

# આહવા ગ્રામ પંચાયતના સરપંચ વિરુદ્ધ સભ્યોની આચારસંહિતા ભંગની ફરિયાદ

**સભ્યોને** જાણ કર્યા વિના વિકાસ કામો ચાલુ રખાયા હોવાની ટીડીઓને રજૂઆત


ગીરીશ ભોયે

સાપુતારાઃ આહવા ગ્રામ પંચાયતના સરપંચ હરિચંદભાઈ ભોયે વિરુદ્ધ પંચાયતના ચૂંટાયેલા સભ્યોએ મોરચો ખોલતા લોકશાહી મૂલ્યોના હનન અને આચારસંહિતાના ભંગ અંગે તાલુકા વિકાસ અધિકારી (TDO)ને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

આક્ષેપ મુજબ સરપંચ મનસ્વી રીતે અને અન્ય સભ્યોને વિશ્વાસમાં લીધા વિના પંચાયતનો વહીવટ ચલાવી રહ્યા છે, જે પંચાયતી રાજની મૂળ ભાવનાના વિરુદ્ધ છે. આચારસંહિતા વચ્ચે વિકાસ કાર્યો ચાલુ રાખવાના આક્ષેપ ફરિયાદમાં જણાવાયો છે. ૫ એપ્રિલ ૨૦૨૬થી ગામના વિવિધ વિસ્તારોમાં વિકાસકાર્યો શરૂ રાખવામાં આવ્યા હોવાનો સભ્યો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. આ કામો માટે સામાન્ય સભામાં કોઈ મંજૂરી લેવામાં આવી નથી તેમજ સભ્યોને માહિતી આપવામાં આવી નથી. નવા નિમાયેલા તલાટી-કમ-મંત્રીને પણ ગેરમાર્ગે દોરીને આ કામગીરી કરાવવામાં આવી રહી હોવાનું રજૂઆતમાં ઉલ્લેખાયું છે. વિવાદિત કાર્યોની વિગતો સભ્યોએ કામો તાત્કાલિક બંધ કરાવવાની માંગણી કરી છે. એકલવ્ય સ્કૂલ પાસે સી.સી. રોડનું કામ, શાસ્ત્રી કોલોનીમાં રમેશભાઈ પવારના મકાન સામે પેવર બ્લોકનું કામ, ગીતાંજલી સ્કૂલ નજીક સી.સી. રોડનું કામ, પંજાબ નેશનલ બેંકથી જવાહર કોલોની સ્ટાફ ક્વાર્ટર્સ તરફ પેવર બ્લોકનું કામ. સરપંચ દ્વારા સભ્યોને અવગણીને રજિસ્ટરમાં મનસ્વી ઠરાવો નોંધાવીને વહીવટ કરવામાં આવી રહ્યો છે, જે ભ્રષ્ટાચાર તરફ સંકેત કરે છે. સભ્યોએ આ કામોના બિલોની ચૂકવણી તાત્કાલિક રોકવાની અને આચારસંહિતા ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આ મામલે તાલુકા વિકાસ અધિકારી ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને જિલ્લા વિસ્તરણ અધિકારીને પણ લેખિત જાણ કરવામાં આવી છે.



### ખેરગામમાં ચૂંટણીની પૂર્વ તાલીમનો પ્રથમ તબક્કો પૂર્ણ

ખેરગામઃ ખેરગામના BRC ભવનમાં તાલુકા પંચાયતની 16 તથા જિલ્લા પંચાયતની બે બેઠકો માટે યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને 175 જેટલા મતદાન મથકોના પ્રિસાઈડિંગ ઓફિસર અને આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર માટે પ્રથમ તબક્કાની તાલીમ સફળતાપૂર્વક યોજાઈ હતી. આ તાલીમ નાયબ મામલતદાર ભાવેશ પટેલ દ્વારા આપવામાં આવી હતી. તાલીમ દરમ્યાન મતદાન પ્રક્રિયા, ઈવીએમ મશીનનો યોગ્ય ઉપયોગ, મતદાર યાદીનું સંચાલન તેમજ ચૂંટણી સંબંધિત માર્ગદર્શિકાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# કોર્ટમાં ખેરગામ હિંસા કેસની સુનાવણીમાં સરકારી વકીલે સમય માંગતા તારીખ પડી

**તોડફોડ**- આગચંપીના કેસમાં વાંસદાના MLA સહિત 25થી વધુ સામે ગુના નોંધાયા છે

**મોડા** પહોંચેલા સરકારી વકીલે સમય માંગતા કોર્ટે હવે નવી સુનાવણી 30મી એપ્રિલે રાખવાનો આદેશ કર્યો

નવસારીઃ નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં વર્ષ 2022માં બનેલી હિંસક ઘટનાઓને લઈને દાખલ થયેલા સંવેદનશીલ કેસમાં આજે થનારી પહેલી સુનાવણીમાં આજે તારીખ પડી હતી.

ખેરગામ અને ચીખલી વિસ્તારમાં થયેલી તોડફોડ, આગચંપી અને પોલીસ પર હુમલા જેવી ગંભીર ઘટનાઓને પગલે નોંધાયેલા આ કેસમાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ સહિત 25થી વધુ આગેવાનો સામે ગુનાઓ નોંધાયા છે. આ કેસને લઈને રાજકીય અને કાનૂની વર્તુળોમાં ખાસ રસ જોવા મળી રહ્યો છે. ચાર્જશીટ દાખલ થયા બાદ 9 એપ્રિલે પહેલી સુનાવણી નક્કી કરવામાં આવી હતી.

આજે સુનાવણી માટે તમામ આરોપીઓ કોર્ટમાં હાજર રહ્યા હતા તેમજ તેમના વકીલ પરેશ વાટવેચા પણ દલીલો માટે તૈયાર હતા. પરંતુ ખાસ સરકારી વકીલ થોડા મોડા પડ્યા હતા અને તેમણે સમય માગતા કોર્ટએ અરજી સ્વીકારી અને કેસની સુનાવણી હવે 30 એપ્રિલ સુધી મુલતવી રાખી છે.

# ખનિજના વહન માટે QR કોડ રોયલ્ટી પાસની સિસ્ટમ અમલમાં

**લીઝ** હોલ્ડરો, સ્ટોક હોલ્ડરોને પાસ માટે ધક્કા ખાવામાંથી મુક્તિ

ઘેજ: ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનિજના વહન માટે QR કોડ આધારિત રોયલ્ટી પાસની સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. ત્યારે ચીખલી તાલુકામાં ધમધમતા ક્વોરી ઉદ્યોગમાં લીઝ હોલ્ડરો, ડ્રાઇવરોને સુગમતા સાથે સમગ્ર વહીવટ પેપરલેસ થવા જઈ રહ્યો છે.

ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ વહનની પ્રક્રિયાને પારદર્શક અને ઝડપી બનાવવા, ખનીજ ચોરી પર લગામ કસવા માટે કાગળના રોયલ્ટી પાસના સ્થાને ક્યુઆર કોડ બેઇઝ સિસ્ટમ ૧-એપ્રિલથી અમલમાં મુકવામાં આવી છે. ક્યુઆર કોડ પાસ અને વીટીએમએસ (હિકલ ટ્રેકિંગ મેનેજમેન્ટ સિસ્ટમ) ના ડેટાને એક જ પ્લેટફોર્મ પર લિંક કરવામાં આવી છે. જેનાથી કોઈ વાહન પરમિટ વિના અથવા પરમિટનો સમય પૂરો થયા પછી પણ ખનીજનું વહન કરતું જણાશે તો આ સિસ્ટમ દ્વારા ઓટોમેટિક એલર્ટ જનરેટ થશે. વધુમાં કાગળના પાસમાં છેડછાડ કરી એક જ પાસ પર અનેક ફેરા મારવામાં આવતા હતા. તે અશક્ય બનશે એકવાર ઉપયોગ થયેલા પાસ બીજી વાર ઉપયોગ કરી શકાશે નહીં.

ક્યુઆર કોડ આધારિત રોયલ્ટી પાસની સિસ્ટમમાં ખનીજ વહન કરતાં હજારો ડ્રાઇવરોને પણ રાહત થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### 'વોટ ફોર બેટર' અને 'આઓ મતદાન કરે' રંગોળી સ્પર્ધા યોજાઈ


ગીરીશ ભોયે

સાપુતારાઃ મતદાનની આ પ્રક્રિયામાં નાગરીકો ઉત્સાહપૂર્વક ભાગ લઇ લોકશાહીમાં પોતની ભાગીદારી નોંધાવે તે માટે ડાંગ જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. ડાંગ જિલ્લાની સરકારી માધ્યમિક શાળા લહાનચર્યા ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ 'વોટ ફોર બેટર' અને 'આઓ મતદાન કરે' ના સૂત્ર સાથે રંગોળી બનાવી મતદાન અચૂકથી કરવાનો સંદેશો આપ્યો હતો.

### વાપી જ્ઞાનગંગા શાળામાં ફાયર સેફ્ટી મોકડ્રિલ યોજાયું



વાપીઃ વાપી નજીકના છીરી સ્થિત જ્ઞાનગંગા શાળામાં ફાયર સેફ્ટી મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આકસ્મિક આગ લાગવાની ઘટનામાં કેવી રીતે કામગીરી કરવી તે અંગેની સમજ ધોરણ 10 તથા 11 ના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી સંદીપભાઈ પટેલ જણાવ્યું હતું કે, આગને કાબૂમાં કેવી રીતે લાવવી અને કેવી રીતે બુઝાવવી તે અંગે વિચારવું અને ઘટના સ્થળે ફસાયેલા લોકોને કેવી રીતે બહાર કાઢવા તે અંગે વિચારવું. જો આવી ઘટના ધ્યાનમાં આવે તો સૌપ્રથમ ફાયર વિભાગનો નંબર 101 ઉપર સંપર્ક કરી દેવો. શાળાનાં આચાર્ય સુનિલ નાયર, શાળાના ઇન્ચાર્જ શિક્ષકોએ, શાળાના શિક્ષકો, શાળાનાં પી.ટી. શિક્ષકોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ખેરગામમાં શનિવારે રાતેબ-એ-રિફાઈના શાનદાર જલસાનું આયોજન



ખેરગામઃ ખેરગામમાં દર વર્ષની પરંપરા મુજબ રાતેબ-એ-રિફાઈનો શાનદાર જલસાનું આયોજન શનિવાર તા.11 એપ્રિલના રોજ રાત્રે 10 કલાકે વડોદરાના હઝરત સૈયદ કમાલુદ્દીન મઝહરુલ્લાહ રિફાઈ શાહની આગેવાનીમાં ખલીફા-એ-રિફાઈ જનાબ જમિરઅહમદ ગુલામ મુસ્તફાના નિવાસસ્થાન પર કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, છેલ્લા 30 વર્ષથી વધુ સમયથી યોજાતો આ જલસો ખેરગામમાં આધ્યાત્મિક પરંપરા અને શ્રદ્ધાનો પ્રતિક બની ગયો છે. આ વર્ષે પણ હિન્દુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી આ સૌહાર્દ અને ભાઈચારાના સંદેશને વધુ મજબૂત બનાવશે. કાર્યક્રમ દરમિયાન રાતેબ-એ-રિફાઈના જલસો, ઝિક્ર-અઝકાર, સાલતું વસ્સલામ, દુઆ અને અન્ય ધાર્મિક વિધિઓ યોજાશે.

### વલસાડના મોગરાવાડીમાં 'મોડર્ન ફિટનેસ ક્લબ' દ્વારા વન ડે ફિટનેસ ચેલેન્જનું આયોજન



વલસાડઃ વલસાડના મોગરાવાડી વિસ્તારમાં આવેલી જાણીતી મોડર્ન ફિટનેસ ક્લબમાં ભવ્ય "વન ડે ફિટનેસ ચેલેન્જ"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ક્લબના ડાયરેક્ટર અને સેન્સેઈ ચેતન શિર્કેના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. જેમાં વલસાડના અનેક ફિટનેસ પ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અંશિકા આલ્વા અને રોની આલ્વા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન માત્ર સ્પર્ધકો જ નહીં, પરંતુ શાળા અને યુનિવર્સિટી કક્ષાએ કરાટે, સ્વિમિંગ અને બોડીબિલ્ડિંગ જેવી રમતોમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વલસાડનું નામ રોશન કરનાર તેજસ્વી ખેલાડીઓને પણ ક્લબ તરફથી વિશેષ એવોર્ડ અને મોમેન્ટો આપી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ક્લબના ડાયરેક્ટર સેન્સેઈ ચેતન શિર્કે જણાવ્યું હતું કે, આજની યુવા પેઢીમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવી ખૂબ જ અનિવાર્ય છે. વલસાડના યુવાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકે તેવી સંસ્થાની નેમ છે.

### ગણદેવી સુગર ફેક્ટરીમાં પિલાણ સિઝન પૂર્ણ થતાં સત્યનારાયણની કથા કરાઈ


કેરસી બારીયા

બીલીમોરાઃ ગણદેવી સુગર ફેક્ટરીમાં ૧૩૮ દિવસ સુધી ચાલેલી વ્યસ્ત પિલાણ સિઝન સુખરૂપ રીતે પૂર્ણ થઈ હતી. આ સીઝનમાં કુલ ૭,૦૧,૬૮૫ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કરવામાં આવ્યું હતું અને ૧૧.૬૩ ટકા જેટલી સરસ રિકવરી પ્રાપ્ત થઈ હતી. ફેક્ટરી દ્વારા આગામી પિલાણ સીઝન માટે ખેડૂતોને અનુકૂળ એવા સૌથી વધુ ભાવ જાહેર કરીને વર્ષોથી ચાલતી આવતી પરંપરાને યથાવત રાખવામાં આવી હતી. પિલાણ સિઝન સફળતાપૂર્વક પૂર્ણ થતાં ફેક્ટરી પરિસરમાં ગુરુવારે સામૂહિક સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી. આ ધાર્મિક કાર્યક્રમ દ્વારા ભગવાનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તેમજ ફેક્ટરી સાથે જોડાયેલા તમામ લોકોના સુખ-સમૃદ્ધિ અને સલામતી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે ફેક્ટરીના ડિરેક્ટર્સ રણજીતભાઈ પટેલ, અભિષેક પટેલ, ગણપતસિંહ ચૌહાણ, સન્મુખભાઈ પટેલ, મેહુલકુમાર પટેલ સહિત સુગર ફેક્ટરીના રાજીવકુમાર ગુપ્તા, મુકેશભાઈ પટેલ સહિત પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### ચીખલીની સ્પંદન હોસ્પિટલ ખાતે ચોવીસ કલાક બ્લડ સ્ટોરેજ સેન્ટરનો પ્રારંભ



ઘેજઃ હવે ચીખલીના થાલા નેશનલ હાઇવે પર આવેલી સ્પંદન હોસ્પિટલ ખાતે 24 કલાક કાર્યરત બ્લડ સ્ટોરેજ સેન્ટરનો પ્રારંભ ડો.પ્રદીપ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કૈઝન ગ્રુપના ડો.હિમાંશુ, અનિલ દંતાણી ઉપરાંત વલસાડ રક્તદાન કેન્દ્રના ટ્રસ્ટી ડો.વિશ્વલ અને એચઓડી ડો.કમલ પણ ઉપસ્થિત રહી આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. સ્પંદન હોસ્પિટલ ખાતે આ સેન્ટરનું સંચાલન અને દેખરેખ પેથોલોજિસ્ટ ડો.ઝીલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. ડો. ઝીલ પટેલના ટેકનિકલ નોલેજ અને દેખરેખને કારણે દર્દીઓને સુરક્ષિત,શુદ્ધ અને વિશ્વસનીય બ્લડ મળી રહેશે. આ સાથે છેવાડાના કે અન્ય જિલ્લામાંથી જરૂરિયાત મંદ લોકો માટે સ્પંદન હોસ્પિટલ દ્વારા ઇમરજન્સી નંબર ૮૧૪૦૩૨૮૦૦૦ જાહેર કરાયો હતો.